# થાણે હાલાઇ લોહાણા મહાજન ના ટ્રસ્ટી કેમ રઘવાયા થયા છે ?

જો તમે થાણે હાલાઇ લોહાણા મહાજન ના સભાસદ તરીકે આ વાંચતા હોય તો આ જાણકારી આપણા માટે ખુબ દુઃખદ અનુભવ હશે.

જો તમે હાલાઇ લોહાણા છો તો તમારું લોહિ ઉકાળશે.

જો તમે લોહાણા જ્ઞાતિ ના છો તો ગ્લાનિ અનુભવશો.

પૂર્વભૂમિકા શું છે તે આપણે જાણીયે .........

પૂર્વ અધ્યક્ષ ના વ્યવહાર પર શંકા નિર્માણ કરવા માં આવી માર્ચ 2013 માં તેઓએ રાજીનામુ આપ્યું ચાર વર્ષ બાકીના ચાર ટ્રસ્ટી એ ગેરકાયદેસર રીતે સંસ્થા ચલાવી સભાસદો ને ખોટી માહિતી આપી 2017 માં સામાન્ય સભા માં રાજીનામુ આપવાનું તરકટ કર્યું હવે જયારે એમના હિસાબ સામે આવ્યા ત્યારે ખબર પડી કે સંસ્થાની 25 લાખ ની વાર્ષિક આવક માંથી બે વર્ષ 3 લાખ થી વધુ નુકસાન સંસ્થા ને ભોગવવું પડ્યું એટલેકે અત્યાર સુધી સંસ્થાએ લગભગ એક કરોડ રૂપિયા ગુમાવ્યા.
તેમના ચાર વર્ષના કાર્યકાળ માં તેઓને અગણિત વખત હડધૂત કરવામાં આવ્યા હોવાની માહિતી લોહાણા ટાઈમ્સ પાસે સૂત્રો દ્વારા જાણવામાં આવીછે
આ ચાર ટ્રસ્ટી ઓ બીજા કોઈક ના ઇસારે કર્યો કરતા હતા તે જાણવું જરૂરી નથી લાગતું ?
કોઈકનો હાથો બનીને સંસ્થાને ખાઈ માં ધકેલી તેની જવાબદારી માંથી કઈ રીતે છટકશે ?
ચાર માંથી એક ટ્રસ્ટી એ બાળાશ્રમ સંસ્થા ની ભાડા પાવતી બદલાવી મોહબદલો આપવાનું વચન આપી વચનભંગ કરનાર ને અભયદાન આપનાર ટ્રસ્ટ ના પ્રેરણા દાયક સભાસદે મદારી ને જેમ આ ટ્રસ્ટીને નચાવી લીધું
બાકીના ટ્રસ્ટીઓ આજે પણ પૂંછડી પટપટાવે છે. અને સામાન્ય સભામાં નંદી બૈલ ની જેમ એના ભૂ ભૂ ભૂ પર મૂંડી હલાવી હતી
નવા પાંચ ટ્રસ્ટી આવ્યા તેઓને તૈયાર માલ પાર રોટલા શેકવા હતા. છેલ્લા પાંચ વર્ષની ગેરનીતિ ને કારણે સંસ્થા પાસે પૈસા નો અભાવ સર્જાયો અને સભાસદો અનેક લાભ થી વંચિત રહ્યા.લગભગ બધા કાર્યક્રમો બહાર થી પૈસા ઉઘરાવી કરવામાં આવ્યા. તમાચો મારી ગાલ લાલ રાખવો આ કેહવત તો તમે સાંભળી છે ને પણ એ શામાટે અહીંયા બંધ બેસતી છે એમ કહેવાય?

લોકો ને મસમોટા વચનો આપી એક વ્યક્તિ આધારે આક્ષેપો અને આરોપો ના આધારે સત્તા પર બિરાજમાન થવાના એક વર્ષમાં અનેક આંતરિક વિવાદો માં સંસ્થા અને સભાસદો ને ભુલીગયા. આંતરિક વિવાદો ગમેતેમ કરી ને પુરા થયા છે એવો દેખાડો કરવામાં આવી રહ્યો છે.

હવે આ પાંચ ટ્રસ્ટી ઓ ને કંઈક સાબિત કરવાનું ભૂત ઊપડ્યું છે એટલે પહેલા સ્વપ્ન બતાવવાનું શરૂ કર્યું અને એની પાછળ છેલ્લા પાંચ વર્ષ ની ભૂલોને દબાવવાનો પ્રયાસ થાયછે બીજું અનેક ના વ્યક્તિગત સ્વાર્થો ને પુરા કરવા સંસ્થાને હાથો બનાવવાનો પ્રયાસ થાયછે.

સભાસદો ને અંધારા માં રાખવા એ ટ્રસ્ટી ગણ નો અધિકાર છે આવી કલ્પના ટ્રસ્ટી ગણ ના વિચારો માં ઘર કરી ગઈ છે ટ્રસ્ટી ગણ નો આ ભ્રમ યાથવત રાખવોછે અને સંસ્થાને માનનીય ધર્માદા આયુક્ત ના તાબા માં સંસ્થાને જવા દેવી છે ?

કેપછી તેનો નો ભ્રમ ભાંગી નાખવોછે અને સંસ્થા બચાવવી છે ?

સભાસદો આગળની વાત વાંચી નક્કી કરે। .........

<u>પહેલા મુદ્દા સર માહિતીને સમજ્યે</u>

સંસ્થાની બે મિલકત સ્ટેશન રોડ પર છે. સ્ટેશન રોડ થોડા સમય પહેલાથાણે નગરપાલિકા દ્વારા  વિસ્તારિત કરવામાં આવ્યો.સંસ્થાના અનેક ભાડુઆત ની જગ્યા કપાઈ ભાડુતો ને નવનિર્માણ કરવું પડ્યું.નવનિર્માણ દરમયાન ભાડુતો એ પોતાની જગ્યા વધારી લીધી છે એવી શંકા વ્યક્ત થઈ અને આ સંદર્ભ માં મહાજન સંસ્થા પાસે સભાસદ દ્વારા તાપસ ની લેખિત ફરિયાદ કરવામાં આવી. તમે શું માનો છો કોઈ તાપસ થઇ ? થાણે હાલાઇ લોહાણા મહાજન ના પ્રતિષ્ઠિત વ્યક્તિ એ અભયદાન આપી ને રિબિન કાપી હોઈ તો કોની હિમ્મત છે તાપસ કરે ?

ચાલો આપણે સંસ્થાને થયેલું નુકસાન જવા દેવાનું સંસ્થાની જગ્યા જવાદેવાની શામાટે ? મૃગજળ જેવા સ્વપ્ન માટે ?

<u>બીજો મુદ્દો જોઈએ</u>। ...

**00/00/00** ની સામાન્ય સભામાં માનનીય સભાસદશ્રી જયદીપ ભાઈ એ સભાને અને ટ્રસ્ટ મંડળ ને એક સૂચન આપ્યું કે સ્ટેશન રોડ પર ના ભાડૂતે પેટા ભાડુત મહાજન ની જાણ બહાર અને પરવાનગી વગર રાખ્યા છે. અને આ ભાડુત મસમોટી રકમ પેટા ભાડુત પાસેથી વસુલે છે તો આ બાબત ધ્યાનમાં લઇ યોગ્ય પગલાં ભરવા.

ટ્રસ્ટ મંડળે સભામાં આશ્વાશન આપ્યા પછી શું ત્વરિત પગલાં લીધા હશે ? એક ટ્રસ્ટી ના કુટુંબી એ પેટા ભાડુત રાખ્યો હોઈ તો બીજા ટ્રસ્ટી કઈ રીતે પગલાં ભરે? એક બીજાનું જોવાનું સભાસદો ને સ્વપ્ન બતાવવાના ફોસલાવવાના દબાવવાના ધમકાવના.આપણા માણસને તો સંભાળવો પડે ને ?

સભાસદો આ તો કઈ નથી આગળ જોઈએ

## ત્રીજો મુદ્દો

થાણે મહાજન ના એક સભાસદ ભાઈ એ એક બીજા સભાસદ ભાઈ ની જગ્યા વિકાસ અર્થે વહેંચાતી લીધી

સભાસદ ભાઈઓ આમાં આપણે કઈ બોલવાનો અધિકાર નથી બરાબર ને ?

હવે યોગનું યોગ જોઈએ

જે ભાઈએ વિકાસ અર્થે જગ્યા લીધી એજગ્યા નો 50% હિસ્સો જ તેને મળ્યો બાકીનો 50% હિસ્સો એ મેળવી લેશે એવો એને ભરોસો હતો.

આમાં પણ આપણે શું અભિપ્રાય આપ્યે ? કાંઈજ નહિ બરાબરને !

હવે આમને અધૂરો પ્લોટ માંડ્યો બાકીનો 50% હિસ્સો મળતો નથી.

અરે એમાં  સભાસદો શું કરે ?

એમાં તો આપણું ટ્રસ્ટ મંડળ વચમાં આવેને !

કઈ રીતે ?

એક જેણે પ્લોટ ખરીદયો છે એ ટ્રસ્ટ મંડળ ના સૂત્રધાર છે

બીજું જેનો 50% હિસ્સો ખરીદયો છે એ સ્ટેશન રોડ ની મહાજન ની મિલકત ના ભાડુત છે.

અને જે હિસ્સો નથી વહેંચતો એ પણ સ્ટેશન રોડ પર આવેલી મહાજન ની મિલ્કત માં ભાડુઆત છે.

તમે પૂછશો તો એમાં શુ થઇ ગયું ?

બરાબર છે તમારી વાત છેલ્લી બે સામાન્ય સભાના મુદ્દા ફરીથી વાંચો.

કદાચ હજી નહિ સમજાય

ચાલો જોઈએ આગલો મુદ્દો

## ચોથો મુદ્દો

સ્ટેશન રોડ ના વિસ્તાર સમયે મહાજન ના ટ્રસ્ટી ઓ એ તમામ લાકડું વહેંચી નાખ્યું ભાડુતો એ નવું બાંધકામ કરી પોતાની દુકાનો આવતા 50 વર્ષ ટકે એવી મજબૂત કરી નાખી

હાલના એક ટ્રસ્ટી ના કુટુંબી એ પેટા ભાડુત રાખી પોતાની જગ્યા ઓફિસ માંથી દુકાન કરી નાખી અને મહાજને કોઈ લાભ માંડ્યો નહિ

આ બધું ટ્રસ્ટી ની આંખ નીચે થયું

હવે આગળ શું બન્યું તે સમજ્યે

મહાજન ની તમામ મિલકત નું બાંધકામ ધોકાદાયક છે એવી અરજી મહાપાલિકામાં આપવામાં આવી પણ એમાં એક ટ્રસ્ટી ના કાકા ની દુકાન ધોકાદાયક નથી એવું ટ્રસ્ટીઓ દ્વારા કહેવામાં આવ્યું છે

મહાપાલિકા  ફક્ત નિયમ અનુસાર ચાલે છે એ તો તમે બરાબર જાણોછો!

યોગાનુયોગ ગત સામાન્ય સભા સ્થગિત થઇ જેમાં આ બાબત ચર્ચા માટે મુદ્દો રાખવામાં આવ્યો હતો

ટ્રસ્ટીઓ ને ગત પાંચ વર્ષના હિસાબ સંબંધી આવેલા પત્રો જોતા એમ સમજાણું કે સંસ્થાની વ્યવહારી તેમજ કાયદાકીય બાબત ગુંચવાડા માં પડી શકે છે અને અચાનક સભાસદો ના વચનો ભૂલ થી વાંચવા માં આવ્યા હશે એટલે તેઓએ ભાડુતો સાથે વાટાઘાટ શરુ કરી

ચાલો એમાં પણ કઈ ખોટું નથી એમ માની લઇએ પણ એમાં બે બાબત ખુંચે એવી છે

એક જે ભાડુત પાસે **50%** હિસ્સો છે અને એ હિસ્સો વહેંચતો નથી એની સાથે કઈ વાટાઘાટ કરવામાં આવતી નથી અને એની જગ્યા તો તોડાવી જ નાખવી.

મહાજન શું તમારા વ્યક્તિગત વ્યવસાયિક ઈરાદા પુરા કરવા માટે છે ?

ટ્રસ્ટીગણ શું કોઈ ગેંગ છે કે કોઈની સુપારી લેવાનું કાર્ય કરે ?

ભાડુતો ને ધમકી આપવામાં આવેછે કે મહાજન ને અમુક રકમ નહિ મળે તો તમારી જગ્યા તોડવી નાખશે જો તમે રકમ ચૂકવી દેશો તો અમે નગરપાલિકા માં સંભાળી લઈશુ ?

એક ભાડુત ને પોટ માળો ની વપરાશ ની જગ્યા ની  **33%** થી વધુ જગ્યા આપવાની લાલચ આપવામાં આવી છે કેમ કે એ બીજા ભાડુતો ની હિલચાલ ની માહિતી ટ્રસ્ટ મંડળ ને આપેછે

આ ટ્રસ્ટીઓ તેમના વ્યક્તિગત સ્વાર્થ અને મહત્વાકાંક્ષા પુરી કરવા જતા આપણા ટ્રસ્ટ નો વહીવટ માનનીય ધર્માદા આયુક્ત ને સોંપવા તરફ જઈ રહ્યા છે અને દોષ નો ટોપલો બીજા પર નાખવાનો

તમારા વ્યક્તિગત લાભ માટે મહાજન ના પૈસા વેરવાના ?

સામાન્ય સભા ની વિડિઓ ઉતારી ને સભાસદો ને બ્લૅક મેઈલ અને બદનામ કરવા નહિ વપરાય એની શું ખાત્રી ? તમે જો કોઈ વિરોધ નોંધાવો કે ટ્રસ્ટીઓ ના હિત માં ના હોઈ કે ટ્રસ્ટીઓ ને તમે ના ગામો તો તમને ચીતરવામાં સામાન્ય સભા માં તમે કરેલા વક્તવ્યો નો

દુરુપયોગ કરવામાં નહિ આવે એમ શેના આધારે નક્કી કરશું ? શું ટ્રસ્ટ મંડળ ને આવી નટખટ સત્તા આપવી જોઈએ ?

છેલ્લા પાંચ વર્ષથી ભૂતપૂર્વ અધ્યક્ષ ને આક્ષેપો અને આરોપો કરો છો તો પાંચ વર્ષથી ધર્માદાયુક માં ચાલતી તાપસ માં એક ફરફરીયું પણ રજુ કેમ નથી કરતા ક્યાં સુધી આક્ષેપો ની ચીંગમ ચાવીને સભાસદો ને ભ્રમિત કરતા રહેશો ?

ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ અને વડીલો મૃગજળ અને મિથ્યા માન માટે  ક્યાં સુધી અને કેટલું છાવરસો  ? ક્યાં દબાવ હેઠળ શરણાગતિ સ્વીકારી લીધીછે અને આ ટ્રસ્ટ મંડળ ની ગેરનીતિ ને યોગ્ય ઠરાવોછો ગેરકાયદેસર કામો ને મંજૂરી આપોછો અને ગેરવ્યવહાર ને યોગ્યતા નું પ્રમાણ આપોછો

સલાહકાર સમિતિ ના મોઠામાં ક્યાં પ્રલોભના  મગ ભર્યા છે ? એવા લાલચ ના કેવા ચશ્માં ચડાવ્યા છે કે અસત્ય ને સત્ય સાબિત કરો છો ?
જ્યાં કોઈને પણ અંધારું દેખાય એવી જગ્યાએ પ્રકાશ હોવાનો પ્રપંચ કરી ઠેબા ખાવા તૈયાર છો અને સભાસદોને અંધકારમાં ધકેલો છો ?

ટ્રસ્ટીઓ એ ધ્યાન રાખે તમે કરેલા ખોટા કામો અને ભૂલો ની જવાબદારી એક વ્યક્તિ પર આંગળી ચીંધી ને છુપાવી નહિ શકાય. સભાસદો ને એ સ્પષ્ટ સમજાય છે અન્ય મહાજનો ને પણ ખબર છે કે એક વ્યક્તિને જેણે આ તાવડી તૈયાર કરી તેના પર તમે તમારા સ્વાર્થ ના રોટલા શેકવા માટે બીજાને  બદનામ કરવાના અસફળ  પ્રયાસો કરોછો.

## સભાસદો " અમે શું કરી શકીયે?" એવા બિચારા ભાવ થી શુ આ સંસ્થાને ધર્માદાયુક્ત  ને સોંપાય પછી જાગશો ?

સભાસદો તમે સકારાત્મક પગલાં લઇ હાલમાં ચાલતી ગેરવ્યવસ્થા રોકવા તૈયાર થઇ ગયા છો માટે રાહ જુવો આગળ ની માહિતીની